જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૨/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૨૨	૦	૧૧૨૨૨	૧૭૩૫૩	૦	૧૭૩૫૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪3,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૬	૦	૬૬	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૦૯	3	૨૮૮૧૨	3૦૦૭૮	૫	3૦૦૮3
કુલ		૪૪૭૯૯	3	૪૪૮૦૨	૫3૯૨૨	૫	૫3૯૨૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૬	૧૨,૩૪,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૩૪	૭,૩૪,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

લુંટના ગુનાના આરોપીઓને ગણતરીના કલાકમાં પકડી પાડતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના ડી.જે.ચુડાસમા પો.સબ.ઇન્સ. તથા સાથેના સ્ટાફના હેડ.કોન્સ. ભરતભાઇ ધુળાભાઇ બ.નં.૩૩૧૮ તથા હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.એઝાજહુસેન સાબીરભાઇ બ.નં.૬૪૮ તથા પો.કો.હર્ષદસિહ ગંભીરસિહ બ.નં.૪૭૮૫ તથા વિશ્વરાજસિહ રાજેન્દ્રસિહ બ.નં.૧૪૫૮ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ નં. (૧) મોહમદ અબુસુફિયાન ઉર્ફે ચાંદ સ/ઓ અબ્દુલઅહદભાઇ શેખ ઉ.વ.૧૯ રહે : ખુશ્બુ પાર્ક ઉમંગ મસ્જિદની પાસે અંસાર પાન પાર્લરની પાછળ બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર તથા નં. (૨) મોહમદ મુબીન ઉર્ફે રિમોટ સ/ઓ અબ્દુલહમીદભાઇ શેખ ઉ.વ.૧૯ રહે: મહેતાબ રો હાઉસ વિ-૨ રહીમનગર પાસે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર તથા નં. (૩) આમીન ઉર્ફે છોતેર સ/ઓ રફીકભાઇ મણિયાર ઉ.વ.૧૮ રહે : મ.નં.૪૨ સમી પાર્ક લવ ગલ્લાની પાછળ ગુજરાત કિરાણા સ્ટોર્સની સામે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને મુદ્દામાલ સાથે ગણતરીના કલાકોમાં પકડી પાડી દાણીલીમડા પો.સ્ટે. એ પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૧૦૧૯૧/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ-૩૯૨,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ (૧) મુજબનો લુંટનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.





ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા **પોલીસ સ્ટેશન**

ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના એન.પી.ગરાસીયા પો.સબ.ઇન્સ. તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા હેડ.કોન્સ.કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૧૩૯૪ તથા પો.કો.સંજયકુમાર ગોવિંદભાઇ બ.નં.૧૩૪૯ તથા પો.કો.હર્ષદસિહ ગંભીરસિહ બ.નં.૪૭૮૫ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના અ.હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી મોહમદ ઇરફાન ઉર્ફે સિકન્દર ઉર્ફે મિસ્ત્રી સ/ઓ અબ્દુલમજીદ શેખ ઉ.વ.૨૬ રહે : બાગે રુકસાર ડુપ્લેક્ષની બાજુમાં પતરાવાળા મકાનમાં અલહબીબ એસ્ટેટ પાસે દાણીલીમડા અમદાવાદ શહેર નાને ચોરી કરી મેળવેલ સોનાના દાગીના કિ.રૂ. ૮૬૦૦/- તથા અલગ અલગ કંપનીના મો.ફોન નંગ-૨ ની કિ,રુ,૨૫૦૦/- ગણી કુલ્લે કિ,રુ,૧૧,૧૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન એ પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૧૦૧૩૬/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ-૩૮૦,૪૫૪, ૪૫૭ મુજબ નો મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢેલ છે.



પાસા અટકાયતની વિગત

શાહીબાગ પોલીસ સ્ટેશન

શરીર સંબંધી તથા મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી તથા મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ આકાશ ઉર્ફે પાટણ સ/ઓ સોમાભાઈ મગનભાઈ પટણી ઉવ-૨૦ રહે-બ્લોક નં-૨૦ ચોથા માળ વિજય મીલ ઔડાના મકાન શહેરકોટડા અમદાવાદ શહેર ના વિરૂદ્ધ (૧) મેઘાણીનગર પો.સ્ટે.ફ. ગુ.ર. નં-૧૮૮/૨૦૧૮ ધી.ઇ. પી. કો. કલમ.૩૯૫, તથા જી.પી. એકટ. કલમ.૧૩૫(૧) મુજબ (૨) શાહીબાગ પો.સ્ટે. ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૧૨૦૧૬૯૬/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ.૩૨૪ તથા જી.પી.એકટ. કલમ.૧૩૫(૧) મુજબ (૩) શાહીબાગ પોલીસ સ્ટેશન .ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૧૯૨૨/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૯૩/૨૦૨૧ તા.૦૨/૦૨/૨૦૨૧ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૦૨/૦૨/૨૦૨૧ ના કલાક:૨૦/૩૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી જિલ્લા જેલ,જુનાગઢ ખાતે મોકલી આપેલ.

આરોપીનુ નામ:-

આકાશ ઉર્ફે પાટણ સ/ઓ સોમાભાઈ મગનભાઈ પટણી ઉવ-૨૦ રહે-બ્લોક નં-૨૦ ચોથા માળ વિજય મીલ ઔડાના મકાન શહેરકોટડા અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) સર્વલન્સ ટીમના માણસો
(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા
(૩) અ.લો.૨.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪
(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ
(૫) અ.લો.૨.પરેશકુમાર અણદાભાઇ

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૧૮૨ લીટર દેશી દારૂ અને ૨૦૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૭૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૯/૨૦૨૧**

સાયબર ક્રાઇમઃ અભિષેકભાઇ સુભાષભાઇ ચૌધરી (ઉ.વ.૩૪) (રહે. જીએચબી કોલોની બોમ્બે હાઉસીંગ, નુતન મીલ પાસે) એ તા.૦૨/૦૨/૨૦૨૦ નારોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૨/૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ડૉ.ભુપતરાય સવાણી (૨) દર્શીત સવાણી અને (૩) બ્રિજેશ સવાણી (તમામ રહે, ઓફીસ નંબર-૨૦ સારથી કોમ્પલેક્ષ જશોદાનગર) એ ભેગા મળી ઓનલાઇન સી.જી.એમ ઇ-ઓકશન પોર્ટલ ઉપર બેંક એકાઉન્ટની વિગતોમાં ફેરફાર કરી અભિષેકભાઇના સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના ખાતાની જગ્યાએ ઇન્ડસઇન્ડ બેંકના ખાતાનો (બ્રિજેશ એન્ટરપ્રાઇઝીસ) ઓકશન પોર્ટલ ઉપર બદલી અપડેટ કરી ૨૯.બ્લોક બીડ સીક્યુરીટીના રીફંડના કુલ રૂપિયા ૭,૧૫,૦૫૭/- એનકોડ ધ્વારા ઓનલાઇન પ્રોસેસથી રીફંડના નાણા મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

રામોલઃ રાજેશકુમાર બચુભાઇ પટેલ (ઉ.વ.૩૮) (રહે.દુર્ગાપાર્ક સોસાયટી ગોપી ડેરી સામે મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ રોડ) એ તા.૦૨/૦૨/૨૦૨૦ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૬/૨૦૨૦ કલાક ૧/૨૫ થી ૧/૪૦ વાગ્યા દરમ્યાન ZES*MOBIKWIK ના ધારકે રાજેશકુમારના ક્રેડીટકાર્ડમાંથી કુલ રૂપિયા ૮૫,૦૦૦/- ઓનલાઇન ટ્રાંઝેક્શન કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એસ.કોટવાલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૩૦/૨૦૨૧**

વેજલપુરઃ નાહીનભાઇ નાદીરહુશેન સૈયદ (રહે.ગુલમહોર સોસાયટી મુસ્કાન મેટરનીટી હોસ્પિટલની બાજુમાં હરીયાળી સોસાયટી સામે જુહાપુરા) એ તા.૦૨/૦૨/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૧/૨૦૨૧ થી તા.૦૧/૦૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૬૨,૦૦૦/-, ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૬,૧૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

ટ્રેઈનના એન્જીનની અડફેટે આવી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૩૧/૨૦૨૧**

સોલા હાઇકોર્ટઃ રૂપેશકુમાર રામાભાઇ પટેલ (ઉ.વ.૪૫) (રહે.સુરમ્ય બંગ્લોઝ, શ્રીધર બંગ્લોઝ સામે સોલા) તા.૦૧/૦૨/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે થલતેજ મારૂતીનંદન એપાર્ટમેન્ટ સામે રેલ્વે ડાઉન લાઇન પર ટ્રેઈનના ઇલેક્ટ્રીક એંજીનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

ચૌદમાં માળેથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૩૨/૨૦૨૧**

નારણપુરાઃ પ્રગતીનગર ખાતે આવેલ એકતા એપાર્ટમેન્ટ ની રીડેવલોપમેન્ટની નવી બનતી સાઇટ ઉપર સાઇટ સુપરવાઇઝર તરીકેનુ કામ કરતા શ્રેયસ સંદિપભાઇ પટેલ (ઉ.વ.૨૩) (રહે. સાગર બંગ્લોઝ ગુલાબ ટાવર રોડ ઘાટલોડીયા) તા.૦૨/૦૨/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સાઈટના ચૌદમાં માળેથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજવિરસિંહ વિનોદસિંહ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૩૩/૨૦૨૧**

ગોમતીપુરઃ રખિયાલ ડાયનાસોર સર્કલ પાસે મ્યુ.સ્ટાફ કવાર્ટર્સ દિવાલ નજીક પ્લાસ્ટીકના શેડના નીચે બ્લોક નંબર-૧ ખાતે રહેતા પ્રવિણભાઈ ભાનુપ્રસાદ રાવળના રહેણાંકમાં તા.૦૨/૦૨/૨૦૨૧ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે આગ લાગતા પ્રવિણભાઈ દાઝી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ - **સમાચાર યાદી નં.૨૩૪/૨૦૨૧**

વેજલપુરઃ મોહમંદયાકુબ ગુલામમુસ્તુફા શેખ (ઉ.વ.૪૫) (રહે. બાગેબદર પતરાવાળી સોસાયટી કસવા પાર્ક કેનાલ પાછળ ફતેવાડી) ધુમ્રપાનનુ વ્યસન કરતા હોઈ વ્યસન છોડવાના પ્રયત્નો કરવા છતાં વ્યસન નહી છુટતા મનમાં લાગી આવતા તા.૨૯/૦૧/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પાવડર પી લીધો હતો. સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૨/૨૦૨૧ કલાક ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણછોડભાઈ મથુરભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી